ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૧
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org વેબ-kskvkachchhuniversity.org

ક.યુ./ઇ.સી./મિનિટસ/૪-ઓગષ્ટ/૨૦૧૮/૧૫૨ તા.૦૭/૦૯/૨૦૧૮

પ્રતિ,
તમામ એક્ઝિક્યુટીવ કાઉન્સીલ અને
એકેડેમિક કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય : ગત તા.૦૪/૦૮/૨૦૧૮ના રોજ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની મિનિટસની નોંધ મોકલવા બાબત.**

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા: ૦૪/૦૮/૨૦૧૮ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સીલ સભાની મિનિટસ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવ છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ**

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી**

બિડાણ:- એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ બેઠકની મીનીટસ નોંધ

નકલ સવિનય રવાના:- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા.૦૪થી ઓગષ્ટ–૨૦૧૮ ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભા અન્વયે સભ્યશ્રીઓની મિનિટસ નોંધ.

---

આજ રોજ તા.૦૪થી ઓગષ્ટ–૨૦૧૮ ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી, તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી, તોલાણી કોલેજ ઓફ કોમર્સ, આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. એમ.જી.ઠકકર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી પ્રવિણભાઇ પીડોરીયા<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | ગેરહાજર |
| શ્રી અરૂણભાઇ ભીન્ડે<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ડો. તેજલ શેઠ,<br>કુલસચિવશ્રી, | સેક્રેટરીશ્રી | હાજર |

## -:એજન્ડા:-

૧. ગત તા.૦૪/૦૭/૨૦૧૮ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મિનિટસનું વાંચન અને બહાલી બાબત.

**ઠરાવ:-૧.** **ગત તા.૦૪/૦૭/૨૦૧૮ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલ અને એકેડેમિક કાઉન્સીલની સંયુક્ત સભાની મીનીટ્સ અને એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની મીનીટસના વાંચન બાદ નીચે મુજબની વિગતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાના ઠરાવ સુધારા સાથે બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**(૧) ગત સભાના ઠરાવ:-૫.માં સુધારો:-ઈલેક્ટ્રીકલ કામની અગત્યતાને ધ્યાને લેતાં, હાલમાં ચોમાસાં ની મોસમ હોઇ શોર્ટ-સર્કિટ થવાના કારણે ગંભીર પ્રશ્નો ઉપસ્થિત થવાની શક્યતાઓને ધ્યાને લઇ બનતી ત્વરાએ આ કાર્ય પૂર્ણ કરવા, યુનિવર્સિટીના એડમીન બ્લોક ખાતે રીસેપ્શન કાઉન્ટર, કુલસચિવ અને કુલપતિના કાર્યાલયના રીનોવેશન વગેરે કામો એક કરોડમાંથી પૂર્ણ કરાવવા અને આ અંગેની ગ્રાન્ટ આવેથી હિસાબ સરભર કરવાનો રહેશે તે શરતોએ સ્વભંડોળમાંથી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. યુનિવર્સિટી મેડીકલ ફેકલ્ટીના ડીન બાબત.

**ઠરાવ:-૨.** **યુનિવર્સિટી મેડીકલ ફેકલ્ટીના ડીનની નિમણુંક બાબતે વહિવટી પ્રક્રિયા હાથ ધરી બહાલી અર્થે આગામી સભામાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. ઇન્ટરનલ માર્કિંગ અને પરીક્ષાના માળખા તૈયાર કરવા બાબત.

**ઠરાવ:-૩.** **યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ અંતગર્ત સમિતિઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઇન્ટરનલ પરીક્ષાનું માળખું બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. પરીક્ષકોની યાદીની બહાલી બાબત.

**ઠરાવ:-૪.** **યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓ અન્વયે પરીક્ષક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ પરીક્ષક યાદીઓ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. રીપીટર, એ.ટી.કે.ટી.ના વિદ્યાર્થીઓની નોન-ડીઝીટલ માર્કસીટમાં બધાજ વિષય/પેપરના માર્કર્સ દર્શાવવા બાબત.

**ઠરાવ:-૫.** **યુનિવર્સિટીના રીપીટર, એ.ટી.કે.ટી.ના વિદ્યાર્થીઓની નોન-ડિઝીટલ માર્કસીટમાં બધાજ વિષય/પેપરના માર્કર્સ તથા EX, EC, NC પણ દર્શાવવા તથા આનો અમલ વર્ષ ૨૦૧૮-૧૯ થી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. પી.એચ.ડી. અને એમ.ફિલ. પરીક્ષાના રેમ્યુનરેશન બાબત.

ઠરાવઃ–૬. યુનિવર્સિટીની પી.એચ.ડી. અને એમ.ફિલ. પરીક્ષાના રેમ્નયુનરેશન દરો અગાઉ મુજબ જ યથાવત રાખવા અને તે મુજબ હાલની જુલાઇ–ઓગષ્ટ–૨૦૧૮ની પી.એચ.ડી./એમ.ફિલ.ની પરીક્ષાના ચૂંકવણા કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૭. તોલાણી લૉ–કોલેજની તપાસ સમિતિનો અહેવાલ બાબત.

ઠરાવઃ–૭. તોલાણી લો કોલેજ ખાતે ચાલુ નોકરી દરમ્યાન અભ્યાસ ચાલુ હોઇ હાલમાં બન્ને વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ રદ કરવા તથા યુનિવર્સિટી કે સંલગ્ન કોલેજોમાં કોઇ પણ વ્યક્તિ ચાલુ નોકરીએ એન.ઓ.સી. સિવાય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે નહિ અને જો પ્રવેશ મેળવેલ હશે તો તે સમયગાળાના કચ્છ યુનિવર્સિટી ખાતેના પ્રવેશ, પરીક્ષાઓ અને મેળવેલ ડીગ્રીઓ રદ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૮. યુનિવર્સિટી કર્મચારીઓની સર્વિસબુક તૈયાર કરવા બાબત.

ઠરાવઃ–૮. કચ્છ યુનિવર્સિટી ખાતે હંગામી કર્મચારીઓની સર્વિસબુક તૈયાર કરવા જી.આર. મેળવવા અને કલમ–૩૮(૧), ૪૫(૧)અંતગર્ત જોગવાઇની અભ્યાસ કર્યા બાદ આગળની કાર્યવાહી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૯. યુનિવર્સિટી કર્મચારીઓના પગાર સમિતિના અહેવાલ અન્વયે ઇજાફા આપવા બાબત.

ઠરાવઃ–૯. કચ્છ યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક કર્મચારીઓને એપ્રિલ–૨૦૧૮માં ૧૨% નો ઇજાફો એડવાન્સમાં આપેલો હોવાથી બિન–શૈક્ષણિક કર્મચારીઓને ૧૦% લેખે ઇજાફો ઓગષ્ટ–૨૦૧૯માં આપવો, જ્યારે શૈક્ષણિક કર્મચારીઓને રાબેતા મુજબ ઓગષ્ટ–૨૦૧૮માં ૧૦% લેખે ઇજાફો આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૦. દીલીપ ધોરીયા કેસના અહેવાલ બાબત.

ઠરાવઃ–૧૦. દિલીપ ધોરીયાના કેસ બાબતે સમિતિની રચના અને તે સમિતિના અહેવાલનો સ્વીકાર કરવામાં આવ્યો અને અનુસ્નાતકની અંદર વર્ષ–૨૦૧૩ પહેલાંના કોઇપણ કેસની અંદર કોઇપણ વિદ્યાર્થીને ગ્રેડ વાળી માર્કસીટ માંગે તો (૧) તે વિદ્યાર્થીએ મુળ માર્કસીટ પરત કરવી અને નવી માર્કસીટ ઇસ્યુ કરવી. (૨) વિદ્યાર્થી પાસેથી ભવિષ્યમાં ગુણવારી (જુની માર્કસીટ પ્રમાણે) માર્કસીટની માંગણી નહિ કરે તે બાંહેધરી/એફિડેવિટ આપવાની રહેશે તે મુજબ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૧. એકેડેમિક બ્રાન્ચની રજુઆત.(પરિશિષ્ટ–૧)

ઠરાવઃ–૧૧. એકેડેમિક બ્રાન્ચના મુદાઓ પૈકી મુદા નં–૧ અંન્વયે વર્ષ–૨૦૧૯–૨૦ માટે નવા જોડાણ અંગેની પ્રક્રિયા જેવી કે, એલ.આઇ.સી. વગેરેની સત્તા માન.કુલપતિશ્રીને આપવા અંગે થયેલ પ્રક્રિયાને બહાલ રાખવા, જયારે મુદા નં.૨ અને ૩ માટે નિયમો–ધોરણો હોઇ તે મુજબ

કામગીરી હાથ ધરવા, ટી.વાય.બી.એસ.સી. (બોટની) એફ.વાય./એસ.વાય(સેલ્ફ ફાઇનાન્સ) તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં એલ.આઇ.સી. કરી મંજુરીની પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૨. બાંધકામ/ખરીદ/ફાયનાન્સ સમિતિઓની સભાની મિનીટ્સની બહાલી અને નિર્ણય અર્થે.

**ઠરાવઃ–૧૨.** કચ્છ યુનિવર્સિટીની બાંધકામ સમિતિ/ખરીદ સમિતિ/ફાયનાન્સ સમિતિની સંયુકત સભાની મીનીટ્સ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૩. રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેલની રજુઆત બાબત.

**ઠરાવઃ–૧૩.** કચ્છ યુનિવર્સિટીના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેલ દ્વારા એડજન્ટ ફેકલ્ટી અંગે રજુ થયેલ વિગતો અંતગર્ત ગાઇડ–લાઇન મંજુર રાખવા અને આ થનાર ખર્ચ અંગેનું બજેટ આર એન્ડ સેલના અધ્યક્ષશ્રીએ આગામી સભામાં રજુ કરી મંજુરી મેળવવાની પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૪. સેલ્ફ ફાયનાન્સ કોલેજોની ફિ સમિતિનો અહેવાલ બાબત.

**ઠરાવઃ–૧૪.** કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો સંસ્કાર, વિરાયતનની સમિતિના અહેવાલ પ્રમાણે ફિ મંજુર કરવા, જયારે ચાણક્ય કોલેજ દર્શાવેલ અહેવાલની વિગતો મુજબની શરતો પૂર્ણ કરવાની રહેશે (૧) પુસ્તકો વસાવવા રહેશે (૨) સ્ટાફ ઘટ ૪૫ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે (૩) ડેવલોપમેન્ટ ફિ રૂા.૧૦૦/– બદલે રૂા.૧૯૦૦/– થી રૂા.૨૯૦૦/– જેટલી વસુલ કરેલ છે તે વિદ્યાર્થીઓને પરત કરવાની રહેશે (૪) સ્પોટર્સ અને કલ્ચર ફિ સંયુકત રૂા.૨૦૦/– ના બદલે રૂા.૧૨૦૦/– થી રૂા.૨૧૦૦/– વસુલ કરેલ છે તે વિદ્યાર્થીઓને પરત કરવાની રહેશે તે શરતોએ પૂર્ણ કરી યુનિવર્સિટીને જાણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૫. SSIP ના કો–ઓર્ડિનેટરશ્રીની એકાઉન્ટ ખોલાવા અંગેની રજૂઆત બાબત.
(નોધઃતાઃ૧૫/૦૬/૨૦૧૮ની એકિઝકયુટીવ કાઉન્સીલના ઠરાવ નં:૨૧ મુજબ કુલસચિવશ્રી તથા કો–ઓર્ડિનેટરશ્રીની સંયુકત સહીથી ખાતા ખોલવવાનું ઠરાવવામાં આવેલ.)

**ઠરાવઃ–૧૫.** SSIP અંગે અગાઉ થયેલ ઠરાવ યથાવત રાખી તે મુજબ જ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૬. શ્રી પ્રતિપાલસિંહ એમ.વાઘેલાના કોપીકેસ બાબત.

**ઠરાવઃ–૧૬.** કચ્છ યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધી સમિતિના અહેવાલને ગ્રાહય રાખી શ્રી પ્રતિપાલસિંહ એમ. વાઘેલાને ઠરાવેલ સજા યથાવત રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૭. બાંધકામ શાખાની રજૂઆત.(પરિશિષ્ટ–૨)

**ઠરાવઃ–૧૭.** કચ્છ યુનિવર્સિટીના બાંધકામ શાખાની રજુઆત અન્વયે નવા એકેડેમિક બિલ્ડીંગની ટેન્ડર પ્રક્રિયા નવેસરથી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૮. બિન–શૈક્ષણિક કર્મચારીઓને સાતમાં પગારપંચ મુજબ પુરા પગારમાં સમાવવા બાબત.

**ઠરાવઃ–૧૮.** કચ્છ યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક હંગામી અને ફિક્સ પગારે ફરજો બજાવતાં કર્મચારીઓને યુનિવર્સિટી ઉપર આર્થિક બોજો પરવડે તેમ ન હોઇ સાતમાં પગારપંચ મુજબ પુરા પગારમાં સમાવવાની રજુઆત ગ્રાહય ન સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૯. પરીક્ષા વિભાગની રજૂઆત..

**ઠરાવઃ–૧૯.** કચ્છ યુનિવર્સિટીની પ્રેક્ટિકલ પરીક્ષાના આગળના એક અને પરીક્ષાના પાછળના એક દિવસ એમ કુલ્લે–૨(બે) દિવસ ફેકટોટમ, કલાર્ક, પ્યુનના પ્રિપેરેશનના મંજુર કરવા, કોલેજ ખાતે એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓના વ્યવસ્થાને અલગ કેન્દ્ર ગણી અલગ મહેકમ અને ખર્ચ મંજુર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

## – અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ બાબતો. –

૨૦. મોનીકા રમેશચંદ્ર વડેચાની અરજી બાબત.

**ઠરાવઃ–૨૦.** કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીનીશ્રી મોનિકા વડેચાની અરજી સંદર્ભે સિસ્ટમ ઇજનેરશ્રીએ વિગતો સાથે અહેવાલ રજુ કરવા અને જે–જે સત્ય હકિકત જણાય તે મુજબ માર્કસીટ/ડીગ્રી આપવા અને આ અનુસાર અન્ય કોઇ કેસ ધ્યાન પર આવે તો તે પણ સુધારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૧. યુ.જી.સી.ના પ્લેગારીઝમ ગેઝેટની બહાલી બાબત.

**ઠરાવઃ–૨૧.** યુ.જી.સી.ના પ્લેગારીઝમનાં ગેઝેટને મંજુર કરવામાં આવે છે. આજ પછી થીસીસને પ્લેગારીઝમના સર્ટીફિકેટને આધારે આગળની કાર્યવાહી હાથ ધરવા અને જરૂર પડે તો ઇન્ફલીબનેટની મદદ લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

તા.૦૭/૦૯/૨૦૧૮

આપનો વિશ્વાસુ

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.